# દેવી રક્ષા કવચ

બ્રહ્માજી ને મુનિ પુછે સુખકાર સૌ જનને શું છે ?
રક્ષાકર ને ગોપિત હોય કહો પિતાજી એવું કાંઇ
પ્રસન્ન થઈ બ્રહ્મા બોલ્યા દિવ્યરહસ્યો પ્રગટ કાર્યા
દેવી કવચ ન જાણે કોઈ ઊપકારી સૌ જીવન હોય
શ્રધ્ધા રાખી સરવા કાન શ્રવણ કરો થઈ એકધ્યાન
નવદુર્ગાનાં કહું છું નામ વિશ્વસકલ માં તે સુખધામ
પર્વતરાજ હિમાલય ની તપ સેવાથી પ્રસન્ન થઈ
પ્રગટ થયાં મા કન્યારૂપે શૈલીપુત્રી તે સહુ જપે
સત્ચિત્આનંદમય જે રૂપ જ્ઞાની ઝંખે બ્રહ્મસ્વરૂપ
બ્રહ્મચારિણી કૃપા વડે પ્રાપ્ત થાય છે નિજનું રૂપ
ચંદ્ર સ્વયમ્ જેનો રણકાર શશિઘંટા વિશ્વે ટંકાર,
જેના ઉદર મહીં બ્રહ્મમાંડ કહેવાયાં તે કૃષ્માંડા
શક્તિ સ્વયમ્થી પ્રગટ થયા સનતકુમારો કહેવાયા
સ્કન્દ સનત એક જ છે સ્કન્દ જનેતા મા તું છે
સૌ દેવોનાં કરવા કામ પ્રગટયાં મા કાત્યાયનધામ
કાત્યાયનનિમા કહેવાયાં સકળ દેવનાં કામ કર્યા
સૌને હણનારા જે કાળ મા ! તે કહોવાયે મહાકાલ
એને પણ તુ હણનારી કહેવાણી મા મહાકાલી
સ્વયમ્ તમે તપ બહુ કીધું શરીર બધું ગાળી દીધું
ગૌરવર્ણની કાયા થઈ મહાગૌરી તેથી કહેવાઈ
સૌ સિધ્ધિની જનની તુ સિધ્ધિદાત્રી તેથી માં તું
જન્મમરણ નો ફેરો ટળે તારી કૃપાથી મોક્ષ મળે
નવદુર્ગાનાં આ નવ નામ ગાય માનવી થઈ નિષ્કામ
વેદપાઠ નુ ફળ મળશે વેદો કહે કલ્યાણ થશે

મા ચામુડા પ્રેતારૂઢ વારાહી મા મહિષારૂઢ
એન્દ્રિ્ મા ઐરાવતરૂઢ મા વૈષ્ણવી છે ગરૂડારૂઢ
માહેશ્વરી નંદી આરૂઢ કુમારી મા છે મયુરૂઢ
લક્ષ્મી મા છે કમળારૂઢ હરિપ્રિયા મા પહમાદ્દઢ
શ્વેતરૂપ ઘરે દેવી વૃષારૂઢ મા છે કેવી
હંસારૂઢ બ્રાહ્મીદેવી બ્રહ્મજનેતા મનસેવી
વિધવિધ આભૂષણ સજીયાં સ્મરણ કરે તેને રક્ષ્યાં
દાનવનો કરવા સંહાર ખડગાદિ ધરતી હથિયાર
કોપિત થઈ દુષ્ટોને હણે પાપી હણવા ચડે રણે
ભક્તોનું કરવા કલ્યાણ ખડે પગે માજી તૈયાર
રૂદ્રરૂપિણી કલ્યાણી નમું તને ભયહારિણી
રૂદ્રરૂપા જોવા ન સમર્થ દાનવ માનવ દેવો સર્વે
પૂર્વે રક્ષો ઈન્દ્રાણી અગ્નિખૂણે મા આગ્નેયી
દક્ષિણ રક્ષો વારાહી નૈઋત્યે મા ખડગિની
પશ્ચિમ રક્ષો વારૂણી વાયત્યે મૃગવાહિની
ઉતર રક્ષો કૌમારી ઈશાનમાં શુલધારિણી
ઉપર રક્ષો બ્રહ્માણી પાતાલે વિષ્ણુદેવી
ચામુંડા શબવાહિની રક્ષા કર ચૌદિશ મારી
જયા દેવી આગળ રક્ષો વિજયા વાસેંથી રક્ષો
વામભાગ રક્ષો અજિતા દક્ષિણમાં અપરાજિતા
ઉધોતિની રક્ષો શિખા મસ્તક રક્ષો મા ઉમા
લલાટ રક્ષો માલાધરિ ભ્રમરે યશસ્વિની દેવી
રક્ષો ભ્રુકુટિ ત્રિનેત્રા નાક રક્ષજો યમઘંટા
આજ્ઞાચક્રે શંખિણી કર્ણે દ્વારવાસિની દેવી
કપોલ કાલિકાદવી કર્ણમૂલે શાંકરી દેવી
તાલુ રક્ષો મહામાયા સર્વમંગલા વાણીમાં

ભદ્રકાલી ગ્રીવા રક્ષો ધનુર્ધરી પાછળ રક્ષો
નીલગ્રીવા મા કંઠબહાર નલકુબરી રક્ષો અંદર
બન્ને સ્કંધો ખડ્ગિની બાહુઓ વજ્રધારીણી
હસ્તો દંડીની રક્ષો અંબિકા અંગુલિ રક્ષો
નખ રક્ષો મા શુલેશ્વરી કુક્ષે રક્ષો કુલેશ્વરી
સ્તન રક્ષો મા મહાદેવી મનને શોકવિનાશીની
હ્રદયે મા લલિતાદેવી ઉદરે મા શુલધારીણી
નાભિ કામિની  રક્ષો ગુહય ગુહયેશ્વરી રક્ષો
લિંગ પૂતના કામિકા મહિષવાહિની મા ગુદા
કટિભાગ ભગવતી રક્ષો ગોઠણ વિંદયવાસિની રક્ષો
સર્વકામ પ્રદાયિની મા જંધા રક્ષો મહાબલા
ઘુંટિયો રક્ષો નારસિંહી પગ પાછળ તૈજસી દેવી
શ્રીદેવી પગ આંગળીયે તલવાસીની પગ તળિયે
દ્રષ્ટા કરાલિ નખ રક્ષો ઉદર્વકેશિની સુકેચો
રોમકુપને કૌબેરી ત્વચાને રક્ષો વાગીશ્વરી
રક્તમાંસ મજજા હડ્ડી રક્ષો મા પાર્વતિદેવી
કાલરાત્રિ આંતરડાને મુકુટેશ્વરી રક્ષો પિતને
પદ્મકોશને પદ્માવતી કફને રક્ષો ચુડામણિ
જવાલામુખી નખ જ્યોતિને અભેદમાં સૌ સંધિને
શુક્ર રક્ષજો બ્રહ્માણી છત્રેશ્વરી છાયારાણી
અહંકાર મન બુધ્ધિને ધર્મચારાણી રક્ષોને
અપાનપ્રાણ વ્યાનઉદાન વજ્રહરતા રક્ષજો સમાન
કલ્યાણ શોભના મા રક્ષા કરજો પ્રાણ તણી રક્ષા
રસરૂપગંધની અનુભૂતિ શબ્દસ્પર્શ યોગિનીદેવી
સત્વ રજો ને તમોગુણે નારાયણી મા રક્ષોને
વારાહી આયુષ્ય તણી વૈષ્ણવી રક્ષા ધર્મતણી

ચક્રિણી યશકીર્તિની લક્ષ્મી ધન ને વિધાની
ગોત્ર રક્ષજો ઈન્દ્ાણી રક્ષા ચંડીકા પશુની
પુત્રોની મહાલક્ષ્મી મા ભાર્યા રક્ષો ભૈરવી મા
મારા પથની સુપથા માં ક્ષેમકરી મુજમાર્ગની મા
રાજદ્વાર રક્ષો તુલજા સૌ ભયથી રક્ષો વિજયા
જે કાંઈ બાકી અંગ રહ્યું રક્ષો મૈયા એ સઘળું
વિજયશાલીની તું છે મા પાપનાશિની પૂર્ણા મા
જે જન આગ મહીં સપડાય રણમાં શત્રુથી ઘેરાય
સંકટ ધારે પડે માથે પણ માને જો તે પ્રાર્થે
નવ દુર્ગામા રક્ષા કરે એનું અમંગલ સર્વ હરે
શોક દુઃખ ભય મુક્ત જ થાય અભય અશોકી અમર જ થાય
પોતાનું જે શુભ ચહે દેવી કવચ અંખડ રટે
એક ચિતથી પાઠ કરે એને સિધ્ધિ વિજય વરે
ધનની પ્રાપ્તિ તરત જ થાય ઝંખ્યું સઘળું હાજર થાય
ભૂત વહેમ ને પલિત જાય રોગી મટી ને યોગી થાય
નિર્ભય થઈ સંગ્રામ જિતે હારે નહિ એ કોઈ રીતે
દેવી કલાથી વિભૂષિત થાય પરમૈશ્વર્ય પ્રદાન જ થાય
નિતપાઠી નો વંશ અમર પૃથ્વી પર રહેશે અક્ષર.
દેહ પડે મા શરણ મળે મહામાયની કૃપા ફળે
નશ્વર દેહ મટી શિવરૂપ પામે અખંડ દિવ્ય સ્વરૂપ.